Monthly Newsletter
અંક : ૨૦
૧૦ ઓક્ટોબર ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat
BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad
www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- પાટણએન.પી.+દ્વારાએચ.આઇ.વી. ટીબી અંગે જાગૃતિ હેતુ એક કાર્યક્રમ ટીબી અધિકારી ડો. બી. બી. ગોસ્વામી સાહેબના માર્ગદર્શન હેઠળ આયોજીત થયો. જેમાં ૪૦થી વધુ લાભાથીઓ સહભાગી થયા.
- એ.ડી.એન.પી.+ અમરેલી દ્વારા સાવરકુંડલા મામલતદારશ્રી ને સ્મૃતિ ભેટ આપી સન્માન આપવામાં આવ્યું. ૨૨ લાભાર્થીઓને અંત્યોદય કાર્ડ કાઢી આપવામાં આવ્યા.
- રાજકોટમાં 'આજકાલ' વર્તમાનપત્ર દ્વારા આયોજીત ગરબા મહોત્સવમાં આર.ડી.એન.પી.+ના લાભાર્થીઓ અને કર્મચારીગણ સહભાગી થયા. આયોજકો દ્વારા દરેક લાભાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા.
- બી.એન.પી.+ ભાવનગર જિલ્લા સંગઠનની વાર્ષિક સભા તથા ટુંકા પ્રવાસનું આયોજન થયું. જેમાં ૬૦ થી વધુ લાભાર્થીઓ સહભાગી થયા.
- નવસારી જીલ્લા સંગઠન એન.ડી.એન.પી.+ સંસ્થાની વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઇ.
- અલ્યાન્સ કલબ અમદાવાદ દ્વારા ૫૦ થી ૫ણ વધુ સભ્યો સાથે આયોજીત એક કાર્યક્રમમાં પરિવર્તન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા એચ.આઇ.વી. જાગૃતિ હેતુ સત્ર લેવામાં આવ્યું.
- બનાસ એન.પી.+ સંસ્થાને સ્થાનિક સંસ્થાઓના સંયુકત સહકારથી ૩૫,૦૦૦ની સહયોગ ધનરાશિ અર્પણ કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં સહયોગી દાતાઓ તથા જિલ્લાના એચ.આઇ.વી. સાથે જીવતા લાભાર્થી ઉપસ્થિત રહ્યા.

## આઇ.આઇ.એમ. સાથે જોડાણ-મેરેજ બ્યુરો પોર્ટલનું વિમોચન અને લોકાર્પણ



આધુનિક તકનીક સાથે જી.એસ.એન.પી.+ સંગઠનની એચ.આઇ.વી. સાથે જીવતા લોકો માટેની વિવિધ સેવાઓને સાંકળી લેવામાં આવી રહી છે. અમદાવાદ સ્થિત 'ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ'ના સ્વયંસેવી તકનીકી સહયોગથી એચ.આઇ.વી. સાથે જીવતા લોકો માટેના 'મેરેજ બ્યુરો' પોર્ટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના વિમોચન અમદાવાદ ખાતે 'આઇ.આઇ.એમ.' કોન્ફરન્સ હોલ ખાતે આયોજીત કરવામાં આવ્યો. જેમાં ઉપસ્થિત પ્રીન્ટ અને ઇલેકટ્રોનિકસ મિડિયા સમક્ષ આ પોર્ટલની મુખ્ય માહિતી પણ આપવામાં આવી હતી.

## એચ.આઇ.વી. બીલ જાગૃતિ કાર્યક્રમ



અમદાવાદ ખાતે લોર્યસ કલેકટીવ, દિલ્હીના સંકલનથી જી.એસ.એન.પી.+ દ્વારા આયોજીત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આસીસ્ટન્ટ જીપા-જીસેકસ, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના સેક્રેટરીશ્રી સવિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન લોયર્સ કલેકટીવ સંસ્થાના તજજ્ઞો તથા એચ.સી.પી.આઇ. ટીમ દ્વારા જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી. ગુજરાત રાજયના તમામ જિલ્લા સંગઠન પ્રતિનિધિઓએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ જ પ્રમાણે જિલ્લા સ્તેર પણ જાગૃતિ કાર્યક્રમ આયોજીત કરી સમુદાયને સક્ષમ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## 'સુમન' સ્કૂલ જાગૃતિ કાર્યક્રમ

રીલાયન્સ, સુરતના સહયોગથી સુરત મહા નગરપાલિકા સંચાલિત ૧૩ 'સુમન' સ્કૂલ ના ધોરણ ૯ અને ૧૦ના ૪૫૨ વિદ્યાર્થીઓ સાથે એચ.આઇ.વી. જાગૃતિ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યા. ગત 'વિશ્વ એઇડ્સ દિન' ૨૦૧૭ દરમ્યાન જી.એસ.એન.પી.+ દ્વારા આયોજીત વિવિધ પ્રવૃતિઓમાં સુરત મહા નગરપાલિકાની આ સ્કૂલના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતાં, તેમને પ્રમાણપત્રનું વિતરણ પણ અત્રે કરવામાં આવ્યું




## 'ખાસબાળગૃહ' વિશેષ



☺ બનાસ એન.પી+ જીલ્લા સંગઠન દ્વારા ગાંધીનગર ખાસબાળગૃહના બાળકોના લાભાર્થે સ્થાનિક સહયોગી દાતાઓ દ્વારા અનાજ કરિયાણા માટે સહયોગ પ્રાપ્ત થયો. ☺ મહેશ્વરી સમાજ દ્વારા આયોજીત 'હેન્ડીક્રાફ્ટ મેળા'માં જનનીધામની દિકરીઓ દ્વારા નિર્મિત ચીજવસ્તુઓના વેચાણ તેમજ એચ.આઇ.વી.જાગૃતિહેતુ એકઝીબીશન કમ સ્ટોલ નું જી.એસ.એન.પી.+ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મેળામાં આવનાર મહિલાઓએ એચ.આઇ.વી. વિશે માહિતી મેળવી.

## સામાજીક આધાર

નવસારી જીલ્લામાં ૧૯ વર્ષની સારિકા એચ.આઇ.વી. સાથે જીવતી યુવતી છે. માતા પિતા નાની ઉંમરમાં જ અવસાન પામ્યા બાદ મોટાભાઇની છત્રછાયામાં પોતાનું જીવન જીવી રહી છે. સારિકા છેલ્લા ૯ વર્ષથી નવસારી જીલ્લા સંગઠનની વિવિધ સેવાઓ મેળવે છે. હમણા થોડા મહિના દરમ્યાન સારિકા એ.આર.ટી. દવા લેવા આવી ન હતી. અને જયારે વિહાન આઉટરીચ વર્કર દ્વારા વિઝીટ કરવામાં આવી અને તેની દવા શરૂ કરાવી. સારિકા સાથે ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું કે ઉત્તર ગુજરાતના એક નેગેટીવ યુવક સાથે પ્રેમમાં છે. અને તે યુવક દ્વારા સારિકાની ઇચ્છા ના હોવા છતાં તે યુવક દ્વારા વારંવાર તેને પોતના ઘરે ભાગી જવા માટે ફોસલાવવામાં આવી. સારિકા એચ.આઇ.વી. સાથે જીવે છે તે બાબત તે યુવકને ખબર હોવા છતા તે લગ્ન કરવા તૈયારી બતાવી રહ્યો હતો. પરંતુ સારિકાનું મન સંપૂર્ણપણ આ પરિસ્થિતિ સ્વીકારી રહ્યું ન હતું. અને તેને થતી અમુક શંકા તેણે વિહાન ટીમ સાથે કરી. જે તેના માટે પરિવારના સભ્યોની ગરજ સારે છે. તેમની સાથે સમગ્ર પરિસ્થિતિ જણાવી મદદ માંગી. સારિકાની માહિતીના આધારે વિહાન ટીમે તે યુવક સાથે ચર્ચા કરી. અને જાણવા મળ્યું કે આ યુવકે સારિકાને ફસાવવાની કોશિષ કરી છે. અને મુગ્ધાવસ્થાના કારણે સારિકા યોગ્ય નિર્ણય લઇ નથી શકી. આ બાબતની જાણ તેના મોટાભાઇને પણ નથી કરી. જેથી તે મનમાં જ ખુબ મુંઝાઇ રહી હતી. અંતે વિહાન ટીમની સતત દખલગીરીથી સારિકાને યોગ્ય સમજણ આપી તેની જીંદગીના વિશે મહત્વનો નિર્ણય લેવા સક્ષમ બનાવી. અને આજે તેમણે બંન્નેએ સંપર્ક રાખ્યા નથી. અને સારિકાએ નેગેટીવ અજાણ્યા યુવક સાથે આ રીતે ભાગી જઇ પોતાના ભાવિ જીવન સામેના પ્રશ્નને ટાળ્યો છે. સંગઠન પરના વિશ્વાસના કારણે તે પોતાનો સામાજીક આધાર પ્રસ્થાપિત કરી શકી છે.


આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.

સંપર્ક: સુરત મુખ્ય ઓફિસ: ૦૨૬૧ ૨૫૩૦૦૦૨, અમદાવાદ શાખા ઓફિસ: ૦૭૯ ૨૨૧૬૦૮૪૨, ઈમેલ: info.gsnpplus@gmail.com, વેબ સાઇટ: www.gsnpplus.org